પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૭ | ૨૮ માર્ચ, ૨૦૨૧, રવિવાર; ફાગણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં દૈનિક કોરોના કેસ ૬૦૦૦૦ને પાર

**૨૪ કલાકમાં સૌથી વધુ ૬૨૨૫૮ નવા કેસ, ૨૯૧ના મોત : છેલ્લે ૧૬ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૬૨૨૧૨ કેસ નોંધાયા હતા : મહારાષ્ટ્ર, પંજાબ અને ગુજરાત સહિતના રાજ્યોમાં કોરોના બેફામ, દેશમાં ૫.૮૧ કરોડ લોકોનું રસીકરણ ● મહારાષ્ટ્રમાં સ્થિતિ ગંભીર : ૩૬૯૦૨ નવા કેસ, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૪.૫ લાખને પાર**

ન્યુ દિલ્હી,તા.૨૭

મહારાષ્ટ્ર, છત્તીસગઢ, કર્ણાટક, ગુજરાત અને મધ્યપ્રદેશ આ છ રાજ્યોમાં દૈનિક ધોરણે કોવિડના નવા કેસોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. એક દિવસમાં નવા નોંધાયેલા ૭૯.૫૭% કેસો આ છ રાજ્યોમાંથી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૬૨,૨૫૮ દર્દીઓ પોઝિટીવ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં દૈનિક ધોરણે દેશમાં સૌથી વધુ ૩૬,૯૦૨ દર્દી સંક્રમિત થયા છે. તે પછીના ક્રમે પંજાબમાં એક દિવસમાં વધુ ૩,૧૨૨ જ્યારે છત્તીસગઢમાં વધુ ૨,૬૬૫ કેસ નોંધાયા છે.

ભારતમાં કુલ સક્રિય કેસોની સંખ્યા આજે ૪,૫૨,૬૪૭ નોંધાઈ છે. હાલમાં સક્રિય કેસોની સંખ્યા દેશમાં અત્યાર સુધીમાં નોંધાયેલા કુલ પોઝિટીવ કેસોમાંથી ૩.૮% છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં નવા કેસોની સંખ્યા વધવાથી કુલ સક્રિય કેસોમાં ૩૧,૫૮૧ દર્દીનો ચોખ્ખો ઉમેરો નોંધાયો છે. મહારાષ્ટ્ર, કેરળ અને પંજાબમાં દેશના કુલ સક્રિય કેસોમાંથી ૭૩% દર્દીઓ છે.

ભારતમાં આજે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧,૧૨,૯૫,૦૨૩ સુધી પહોંચી છે. સાજા થવાનો રાષ્ટ્રીય સરેરાશ દર ૯૪.૮૪% નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૦,૩૮૬ દર્દીઓ સાજા થઈ ગયા છે. દેશભરમાં એક દિવસમાં સૌથી વધુ ૧૭,૦૧૯ દર્દીઓ મહારાષ્ટ્રમાં સાજા થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨૯૧ દર્દીનાં મૃત્યુ નોંધાયા છે. નવા નોંધાયેલા મૃત્યુઆંકમાંથી ૭૫.૬% દર્દીઓ પાંચ રાજ્યોમાંથી છે. મહારાષ્ટ્રમાં સર્વાધિક મૃત્યુઆંક (૧૧૨) નોંધાયો છે. તે પછીના ક્રમે, પંજાબમાં એક દિવસમાં ૫૯ દર્દીનાં મૃત્યુ થયા છે.

૧૪ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના કારણે મૃત્યુ થયું હોય તેવો એકપણ કિસ્સો નોંધાયો નથી. આમાં, આસામ, ઓડિશા, પુડુચેરી, લદાખ (કેન્દ્રશાસિત પ્રદેશ), દમણ અને દીવ તેમજ દાદરા અને નગર હવેલી, લક્ષદ્વીપ, મણીપુર, ત્રિપુરા, સિક્કિમ, મેઘાલય, મિઝોરમ, આંદામાન અને નિકોબારના ટાપુઓ તેમજ અરુણાચલ પ્રદેશ છે.

## કોરનાની બીજી લહેરને લોકડાઉનથી નહીં પણ રસીકરણથી હરાવી શકાશે

**દવા ઉપરાંત કેન્દ્ર સરકારની કોરોનાની ગાઇડલાઈનનું ચુસ્ત પાલન કરવા લોકોને સલાહ**



નવી દિલ્હી, તા.૨૭

કોરોનાના વધતા કહેર વચ્ચે કેન્દ્રિય આરોગ્ય મંત્રીનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ચારે તરફ ફરી એકવાર લોકડાઉનની ચર્ચા થઈ રહી છે. ત્યારે દેશમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને પંજાબ જેવા રાજ્યોમાં કોરોના તાંડવ કરી રહ્યો છે. ત્યારે આ રાજ્યોમાં નાઈટ કર્ફ્યુ, આંશિક લોકડાઉન, કોઈ એક જિલ્લા પૂરતું લોકાડાઉન જેવા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આ બધા વચ્ચે શુક્રવારે ટાઈમ્સ નેટવર્ક ઈન્ડિયા ઈકોનોમિક કોક્લેવને સંબોધીત કરતા કેન્દ્રિય આરોગ્ય મંત્રી હર્ષવર્ધનને કહ્યું કે, 'ભારતમાં કોરોનાની બીજી લહેરને કર્ફ્યુ અને લોકડાઉનથી હરાવી નહીં શકાય પરંતુ તેને રસીકરણ કાર્યક્રમથી હરાવી શકાશે.'

વર્ધને આગળ કહ્યું કે, 'દવા ઉપરાંત ફીઝીકલ ડિસ્ટન્સિંગ કે પછી સોશિયલ ડિસ્ટન્સિંગ સંક્રમણના ફેલવાને રોકવામાં સફળ છે તેવું સાબિત પણ થઈ ગયેલું છે.

## અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશનાર માટે RT-PCR ટેસ્ટ ફરજિયાત

**૨૩ માર્ચથી મહારાષ્ટ્ર પૂરતો ટેસ્ટ હતો જે હવે સમગ્ર દેશમાંથી આવનારા માટે નેગેટિવ રિપોર્ટ જરૂરી**



ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સરકારે એક મહત્વનો નિર્ણય કરતાં અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં આવતા તમામ લોકો માટે નેગેટિવ આરટી-પીસીઆર ટેસ્ટ ફરજિયાત કરી દીધો છે. અગાઉ ૨૩ માર્ચથી માત્ર મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં આવતા લોકો માટે આ રિપોર્ટ ફરજિયાત હતો. જોકે, દેશના અન્ય રાજ્યોમાં પણ કોરોનાના કેસ રોકેટ ગતિએ વધી રહ્યા છે, ત્યારે હવે તમામ રાજ્યો માટે આ નિયમ લાગુ કરાયો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર, ૦૧ એપ્રિલ ૨૦૨૧થી દેશના કોઈપણ રાજ્યમાંથી ગુજરાત આવનારા વ્યક્તિએ ફરજિયાતપણે નેગેટિવ આરટી-પીસીઆર ટેસ્ટ રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. આ ટેસ્ટ ગુજરાતમાં એન્ટ્રી લેવાના વધુમાં વધુ ૭૨ કલાક પહેલા કરાવેલો હોવો જોઈએ. જેમની પાસે નેગેટિવ રિપોર્ટ હશે તેમને જ ગુજરાતમાં એન્ટ્રી મળશે. અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં આવતા લોકોનું સ્ક્રિનિંગ પણ સરકાર દ્વારા ફરજિયાત બનાવી દેવામાં આવ્યું છે.

## રાજ્યમાં વિક્રમી નવા ૨૨૭૩ કેસ

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કોરોનાના કુલ ૨૨૭૬ કેસ નોંધાયા હતા. બીજી તરફ ૧૫૩૪ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૮૩,૨૪૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર ઘટીને ૯૪.૮૬ ટકા પર પહોંચી ચુક્યો છે. અત્યાર સુધીમાં કુલ ૪૪,૨૯,૫૫૬ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૨૯,૭૦૭ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૫૦,૫૮,૬૨૬ લોકોને

**૧૫૩૪ દર્દીઓ સાજા થઇને ઘરે પરત ફર્યા : રાજ્યમાં સાજા થવાનો દર ઘટીને ૯૪.૮૬ ટકા પર પહોંચી ચુક્યો છે : ૪૪૮૪ લોકોનાં અત્યાર સુધીમાં મોત થયા**

રસી આપવામાંઆવી છે. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૨,૯૮,૯૭૩ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિમાં રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં કોરોનાના ૨૨૭૬ દર્દીઓ નોંધાયા છે. રાજ્યમાંથી ૧૫૩૪ દર્દીઓ સાજા થયા છે. આ સાથે રાજ્યનો રિકવરી રેટ ૯૪.૮૬ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગ સઘન પ્રયાસોના લીધે ૨,૮૬,૨૪૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

રાજ્યમાં હાલ કુલ ૧૦૮૭૧ કોરોનાના એક્ટિવ કેસ છે. ૧૫૭ લોકો વેન્ટિલેટર પર છે. ૧૦૭૧૪ લોકો સ્ટેબલ છે. ૨,૮૩,૨૪૧ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪૪૮૪ લોકોનાં અત્યાર સુધી રાજ્યમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાને કારણે આજે કુલ ૦૫ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં સુરત કોર્પોરેશનનાં ૨, અમદાવાદ, ભરૂચ અને ભાવનગર કોર્પોરેશનનાં ૧-૧ વ્યક્તિનો સમાવેશ થાય છે.

## પૂણેની ફેશન સ્ટ્રીટમાં આગથી ૪૪૮ દુકાન ખાખ

**આગે એટલું વિકરાળ સ્વરૂપ પકડી લીધુ હતું કે તેને કાબુમાં લેવા માટે ૫૦ કરતા વધારે ફાયર ફાયટરો કામે લાગ્યા**

મુંબઈ, તા.૨૭

મહારાષ્ટ્રનાં પૂણેમાં આવેલા કેમ્પ એરિયા સ્થિત ફેશન સ્ટ્રીટમાં ભીષણ આગથી અફરાતફરી મચી ગઈ હતી. આ આગમાં નાની મોટી ૪૪૮ દુકાનો આગનાં તાંડવમાં સ્વાહા થઈ ગઈ હતી.



મોડી રાતે લાગેલી આગે એટલું વિકરાળ સ્વરૂપ પકડી લીધુ હતું કે તેને કાબુમાં લેવા માટે ૫૦ કરતા વધારે ફાયર ફાયટરો કામે લાગ્યા હતા. કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. છેલ્લા ૧૫ દિવસમાં કેમ્પ એરિયાના આ બીજા માર્કેટમાં આગ લાગવાની ઘટના છે. અગાઉ શિવાજી માર્કેટમાં પણ આગ લાગતા ૨૫ દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર રાત્રે ૧૧ વાગ્યે ફેશન સ્ટ્રીટ માર્કેટમાં આગની ઘટના અંગે કોલ આવ્યો હતો. આ પછી તરત જ ફાયર બ્રિગેડના વાહનો ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. જ્વાળાઓ એટલી વધુ હતી કે જોત જોતામાં ઘણી બધી દુકાનો સળગી ગઈ હતી. સમાચાર એજન્સી એએનઆઈના જણાવ્યા અનુસાર પુણેના ફાયર ડિપાર્ટમેન્ટે બાતમી આપી છે કે આગને કાબૂમાં લેવામાં આવી છે. હજી સુધી કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ હોકર્સ અને દુકાન માલિકોને તેમની દુકાનો સળગી જતા ભારે નુકસાન થયું છે.

## પ.બંગાળમાં ૭૯ ટકા જંગી મતદાન

**પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કામાં ૩૦ બેઠકો પર મતદાન : મમતા બેનર્જી સત્તા ટકાવવા અને ભાજપ સત્તા હાંસલ કરવા જોર લગાવશે**

કોલકાતા, તા.૨૭

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીના પહેલા તબક્કામાં, ૩૦ વિધાનસભા બેઠકો પર પશ્ચિમ બંગાળના મતદાનની ટકાવારી નોંધાઈ હતી. પ્રથમ તબક્કામાં ૭૩ લાખ મતદારોએ ૧૯૧ ઉમેદવારોનું ભાવિ નક્કી કરવાનું હતું. ચૂંટણી પંચના આંકડા મુજબ પહેલા તબક્કાના સાંજના ૬ વાગ્યા સુધીમાં. ૭૯ ટકા મતદારો મતદાન મથકો પર ગયા હતા અને પોતાનો મત આપ્યો હતો. ઓપિનિયન પોલ્સમાં ભાજપ અને ટીએમસી વચ્ચે નિકટની લડત ચાલી રહી છે, આવી સ્થિતિમાં, દરેકને એ જાણવાની ઉત્સુકતા છે કે આટલી મોટી સંખ્યામાં મતદાન મથકો પર મતદાર એકત્રીકરણ પાછળ શું સંદેશ છે? આટલી મોટી સંખ્યામાં મતદાનથી કોને ફાયદો થશે? મમતા પુનરાગમન કરશે કે ભાજપ રાજ્યમાં ઐતિહાસિક ઉથલપાથલ કરવામાં સફળ રહેશે?

હકીકતમાં, વધુ મતદાનની ટકાવારી સામાન્ય રીતે શાસક પક્ષની વિરુદ્ધ જનમત તરીકે જોવામાં આવે છે. ઘણી વાર આ સિદ્ધાંત પણ સાચો સાબિત થયો છે. જો કે બંગાળના કિસ્સામાં આ સિદ્ધાંત ફિટ નથી અને ઘણી વાર ખોટો સાબિત થયો છે. બંગાળમાં સામાન્ય રીતે મોટી સંખ્યામાં મતદાનનો રેકોર્ડ રહ્યો છે, પછી તે લોકસભાની ચૂંટણીઓ હોય કે વિધાનસભાની ચૂંટણીઓ. વિધાનસભાની ચૂંટણીની વાત કરીએ તો વર્ષ ૧૯૯૬ માં બંગાળમાં ૮૨.૯૧ ટકા મતદાન થયું હતું, પરંતુ પરિણામ સત્તાધારી સીપીએમની તરફેણમાં આવ્યું હતું. ૨૦૦૬ ની વિધાનસભાની ચૂંટણી પહેલા મમતાએ બંગાળમાં પોતાનો પગ સ્થાપિત કરવા માટે સખત પ્રયત્નો કર્યા, પરંતુ તે સીપીએમના મૂળિયાને હલાવી શકી નહીં. તે વર્ષે વિધાનસભાની ચૂંટણીમાં ૮૧.૯૨ ટકા મતદાન થયું હતું અને સીપીએમનો જ લાભ થયો હતો.

૨૦૧૧ માં, મમતાએ ડાબેરી મોરચાની વર્ષોની જૂની સત્તા ઉથલાવી અને પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન પદ સંભાળ્યું. ૨૦૧૧ માં તેમની સામે ઘણું તંગ વાતાવરણ ઊભું થયું હતું, રાજ્યમાં ૮૩ ટકા મતદાન થયું હતુ પરંતુ આ વખતે પણ તે શાસક પક્ષ (આ વખતે ટીએમસી) ની તરફેણમાં રહ્યું હતું. આ વખતે ચૂંટણી દર વખત કરતા થોડી જુદી છે અને આ કારણ છે કે આ વખતે શાસક પક્ષ સામે મુખ્ય હરીફાઈમાં ભાજપ છે જેમને રાજ્યમાં ૨૦૧૬ ની વિધાનસભાની ચૂંટણીઓ સુધી પોતાનું કોઈ વિશેષ સમર્થન ન હતું. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ ૧૮ બેઠકો જીતીને ઉત્સાહિત છે અને આ વખતે મમતા બેનર્જીને સત્તામાંથી કાઢી નાખવાનો દાવો કરી રહી છે.





## સચિન વાઝેએ મનસુખની બોડી મળતા ૫ ફોન તોડ્યા

મુંબઈ, તા.૨૭

એન્ટિલિયા કેસ અને ત્યારબાદ થયેલા મનસુખ હિરેનના મર્ડરમાં મુંબઈ પોલીસના ઈન્સ્પેક્ટર સચિન વાઝેની સડોવણી બહાર આવ્યા બાદ આ મામલે રોજેરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે મુંબઈ પોલીસના બે ઈન્સ્પેક્ટર અને એક સિનિયર અધિકારી આ કેસની તપાસ કરી રહેલી એનઆઈએના રડારમાં આવ્યા છે. આ તમામ લોકોને એકાદ-બે દિવસમાં જ મનસુખ હિરેન મર્ડર કેસમાં પૂછપરછ માટે બોલાવાઈ શકે છે.

**મુંબઈ પોલીસના બે ઈન્સ્પેક્ટર અને એક સિનિયર અધિકારી તપાસ કરી રહેલા એનઆઈએના રડારમાં આવ્યા**

બીજી તરફ, મનસુખ હિરેન મર્ડર કેસમાં હાલ એનઆઈએની કસ્ટડીમાં રહેલા

● અનુસંધાન પાન-૭ પર

REQUIRED
Equity Dealers (3 Post)
Salary + Incentive
F-113/114, Opp. CNG Pump, Sector-11, Gandhinagar.
CV send to 9974703401 OR
Mail : bestboi123@gmail.com

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

URGENT REQUIREMENT
(1) Store Keeper cum Accountant (B.Com / Any Graduate) - 01 No.
2 to 3 Years Experience in Maintain Stores & Inventory management, well knowledge in Purchase / Sales entry / Dispatch, Invoicing, Export Import, GST documentation on Tally ERP
(2) Production / QC Engineer (B.E / DME) - 01 No.
2 to 3 Years Experience in Production line & having knowledge of QC of various casting & machined parts, should be able to do QC on vendor end
(3) ITI Fitter/Turner/Machinist /Electricians /12th Pass -6 Nos.
2 to 3 Years Experience
Contact to Below Address With Bio-Data
Ravi Electronics
E104/105, GIDC, Electronics Zone, Sector-26, GANDHINAGAR
Mobile No: 9016876215
Email ID: sales@fluconautomationinc.com

CNG ફોર વ્હીલર બુક કરીને
અથવા તમારા હાલના પેટ્રોલ વાહનને
CNGમાં રૂપાંતરિત કરીને
સુપર LUCKY DRAW માં ભાગ લો
GUJARAT GAS
GUJARAT GAS CNG CARVAN CLEAN CITY - GREEN CITY આપણું SMART CITY
WIN
1st Prize HYUNDAI AURA S-CNG
2nd Prize MARUTI CELERIO VXI CNG
3rd Prize MARUTI S-PRESSO LXI-CNG
7 સ્પેશિયલ ઇનામો
૩૨ ઇંચ HD READY LED સ્માર્ટ ટીવી
યોજનાનો સમય ગાળો : ખરીદીની તારીખ
૭ માર્ચ થી ૧૦ એપ્રિલ, ૨૦૨૧
અને ₹ ૫૦૦૦/-ના CNG ગેસ બેક કાર્ડના ૫૦૦ આશ્વાસન ઇનામો
* નિયમો અને શરતો લાગુ
/Gujaratgaslimited
વધુ માહિતી માટે સ્થાનિક ઓફિસ નો સંપર્ક કરો અથવા કોલ કરો : 079-71123711
www.gujaratgas.com